# ભાજપના બંગારુ લક્ષ્મણ દોષિત જાહેર

નવી દિલ્હી,તા. ૨૭ ભ્રષ્ટાચારના નામે કોંગ્રેસને ચારેબાજુથી ઘેરવાના પ્રયાસ કરી રહેલા ભાજપને આજે મોટો ફટકો પડ્યો હતો. ભાજપના પૂર્વ અધ્યક્ષ બંગારુ લક્ષ્મણને ૧૧ વર્ષ જુના લાંચ રૂશ્વત મામલામાં દોષિત જાહેર કરવામાં આવ્યા છે. દિલ્હીની ખાસ સીબીઆઇ અદાલત સજાની જાહેરાત આવતીકાલે કરશે. જો કે સીબીઆઇએ બંગારૂ લક્ષ્મણને કસ્ટડીમાં લઇ લીધા છે. આ ચુકાદો જાહેર કરવામાં આવ્યા બાદથી કોંગ્રેસે પણ આક્રમક વળતા પ્રહારો કરવાની રણનિતી ઘડી કાઢી છે. કોંગ્રેસના પ્રવકતા મનીષ તિવારીએ કહ્યું છે કે ભ્રષ્ટાચારની સામે લડવાનો દાવો કરનાર ભાજપ પોતે ભ્રષ્ટાચારમાં ગળા ડુબ છે. ૨૦૦૧માં તહેલકા ડોટ કોમે પોતાના સ્ટિંગ ઓપરેશનમાં જોરદાર ધડાકો કર્યો હતો. સ્ટિંગ ઓપરેશનમાં બંગારુ લક્ષ્મણ પર એક લાખની લાંચ લેવાનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. ૧૧ વર્ષ પહેલા થયેલા સ્ટિંગ ઓપરેશનથી એ વખતની એનડીએ સરકાર હમચમચી ઉઠી હતી. એ વખતના ભાજપ અધ્યક્ષ બંગારુ લક્ષ્મણ અને સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિઝને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. આ મામલે ફર્નાન્ડિઝની નજીકની જયા જેટલી પણ વિવાદમાં આવી ગયા હતા. દરમિયાન ભાજપે આ અંગે સીધી કોઇ પ્રતિક્રિયા આપી નથી પરંતુ સાફ શબ્દોમાં કહ્યું છે કે તે આ ચુકાદાની સામે અપીલ કરશે. ભાજપના નેતા વિનય કટિયારે કહ્યું છે કે આ સીબીઆઇ કોર્ટનો ચુકાદો છે. આ ચુકાદાને ઉપલી અદાલતમાં પડકાર ફેંકવામાં આવશે. જો કે આ નિવેદન બાદ થોડાક સમય પછી જ ભાજપના પ્રવકતા શાહનવાઝ હુસેને કહ્યું હતું કે આ બંગારુ લક્ષ્મણનો આંતરિક મામલો છે. શાહનવાઝ હુસૈને કહ્યું હતું કે આ ભાજપનો અંગત મામલો છે. જેથી ભાજપ સીધી રીતે કોઇ ટિપ્પણી કરશે નહી. પરંતુ ભાજપના નેતાઓ ઇચ્છે છે કે સીબીઆઇ આ મામલે જેટલી ઉત્સુકતા દર્શાવી રહી છે તેટલી ઉત્સુકતા અન્ય કેસોમાં પણ દેખાડે. પાર્ટી આ ચુકાદાની સામે અપીલ કરશે તેવી ટિપ્પણી કટિયારે કરી છે તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આ મામલો બંગારૂ લક્ષ્મણની સામે છે જેથી અપીલ પણ લક્ષ્મણને કરવી પડશે. તેમના બદલે કોઇ અન્ય અપીલ કરશે નહી.

## બંગારુ લક્ષ્મણ સામેનો મામલો હકીકતમાં શુ છે?

નવી દિલ્હી,તા. ૨૭

ભાજપના પૂર્વ પ્રમુખ બંગારુ લક્ષ્મણ લાંચના આ મામલે કેમેરામાં રંગે હાથ ઝડપાઇ ગયા હતા. સમગ્ર મામલાની વિગત એવી છે કે ન્યુઝ વેબસાઇટ તહેલકા ડોટ કોમે ૧૩મી માર્ચ ૨૦૦૧ના દિવસે બનાવટી સંરક્ષણ સોદાબાજીના સ્ટિંગ ઓપરેશનના વિડિયોમાં ઝડપાઇ ગયા હતા. તહેલકાએ દેશભરમાં વિડિયો જારી કરીને એ વખતની એનડીએ સરકારને હચમચાવી મુકી હતી. બંગારુ ગુપ્ત કેમેરામાં એક બનાવટી સંરક્ષણ સોદાબાજીમાં બનાવટી એજન્ટ પાસેથી એક લાખની લાંચ લેતા ઝડપાઇ ગયા હતા. તહેલકાના પત્રકારોએ બંગારુની સામે પોતાને બ્રિટનની વેસ્ટ એન્ડ નામની એક સંરક્ષણ કંપનીના એજન્ટ હોવાની વાત કરી હતી. સંરક્ષણ સોદાબાજી માટે ભલામણ કરવા માટે તેમને કહેવામાં આવ્યું હતું. સીબીઆઇની ચાર્જસીટ મુજબ સોદાબાજીના એજન્ટના રૂપે તહેલકાના પત્રકારોએ આઠ વખત લક્ષ્મણ સાથે વાતચીત કરી હતી અને તેમને મળ્યા હતા. ૨૩મી ડિસેમ્બર ૨૦૦૦થી સાતમી જાન્યુઆરી ૨૦૦૧ વચ્ચેના ગાળામાં આઠ બેઠકો તેમની વચ્ચે યોજાઇ હતી. સીબીઆઇની ચાર્જશીટમાં કહેવામાં આવ્યું હતું કે પહેલી જાન્યુઆરી ૨૦૦૧ના દિવસે લક્ષ્મણે પોતાની ઓફિસમાં આ બનાવટી એજન્ટો પાસેથી



એક લાખની રકમ લીધી હતી. વર્ષ ૨૦૦૧માં એનડીએની સરકારે આ મામલામાં તપાસ કરવા વેંકટસ્વામી પંચની રચના કરી હતી. પરંતુ જાન્યુઆરી ૨૦૦૩માં જસ્ટીસ વેંકટસ્વામીએ રાજીનામુ આપ્યું હતું. માર્ચ ૨૦૦૩માં જસ્ટીસ એસએન ફુંકાન પંચની રચના કરી હતી. આ પંચે પોતાના પ્રથમ અહેવાલમાં ફર્નાન્ડિઝને ક્લીન ચીટ આપી હતી. પરંતુ પંચના અંતિમ અહેવાલના પહેલા જ ૨૦૦૪માં યુપીએ સરકારે ફુંકન પંચની કામગારી સીબીઆઇને સોંપી દીધી હતી. સીબીઆઇએ ગયા વર્ષે મે મહિનામાં બંગારુની સામે ચાર્જશીટ દાખલ કરી હતી. બંગારુના પૂર્વ અંગત સચિવ ટી. સત્યમૂર્તિ આ કેસમાં આરોપી હતી. જો કે તેઓ મોડેથી સરકારી સાક્ષી બની ગયા હતા અને કોર્ટે તેમને છોડી મુક્યા હતા.

## તેન્ડુલકરની રાજ્યસભા માટે પસંદગી કરવાના મામલે વિરોધ શરૂ

નવી દિલ્હી,તા. ૨૭

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેન્ડુલકરની રાજ્યસભા માટે પસંદગી કરવાના મામલે હવે ગરમાગરમ ચર્ચા છેડાઇ ગઇ છે. સચિનની પસંદગી સામે મોટી સંખ્યામાં લોકોએ વાંધો ઉઠાવ્યો છે. તેની પસંદગીને લઇને લોકો હેરાન છે. પૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરે પણ આ મામલે હેરાનગી વ્યક્ત કરી છે. સચિનની સાથે રમી ચુકેલા માંજરેકરે કહ્યું છે કે સચિનની પસંદગી તમામ લોકો માટે આશ્ચર્ય જનક છે. ઘણા લોકોએ માંજરેકરની વાતને સમર્થન આપ્યું છે. તમામ



લોકોનુ કહેવુ છે કે સચિન પાસે બિલકુલ સમય નથી ત્યારે તે રાજ્યસભામાં શુ કરશે. લોકોનું કહેવુ છે કે સચિને જાહેર મામલે ક્યારેય પણ કોઇ ટિપ્પણી કરી નથી તેવા સમય તેની પસંદગી આશ્ચર્યજનક છે. માંજરેકરે કહ્યું છે કે હકીકતમાં તે હેરાન છે. નોમિનેશનને લઇને પણ તે પરેશાન છે. કારણ કે તમામ બાબત એકાએક થઇ છે. સચિને આ દરખાસ્ત સ્વીકારી લીધી તે મોટી આશ્ચર્યની વાત છે. માંજરેકરે કહ્યું છે કે તે વિચારતો હતો કે સચિન નિવૃતિ લીધા બાદ ક્રિકેટ સાથે સંબંધિત કોઇ કામ કરશે. અતવા તો સામાજિક કામોમાં જોડાશે. પરંતુ કેરિયરના આ તબક્કે આ સ્તરે રાજ્યસભામાં પસંદગી હેરાન કરનાર વાત છે. માંજરેકરે કહ્યું છે કે જો સચિન ઇચ્છે તો તે સંસદની કામગારીમાં ભાગ લઇ શકશે. માંજરેકરે કહ્યું છે કે હવે તે ભારતની દરેક મેચોમાં રમતો નથી. તે રણજી ટ્રોફીમાં પણ મુંબઇ તરફથી રમતો નથી. તે સમય કાઢવા ઇચ્છે છે તો તે આ કામ કરી શકે છે. માંજરેકરે કહ્યું છે કે તે પોતે સચિનના નિર્ણયથી હેરાન છે. વિતેલા વર્ષોની અભિનેત્રી હેમા માલિની એ પણ ટિપ્પણી કરી છે. જો કે અભિનેત્રી શાબના આઝમીએ સચિનને ટેકો આપ્યો છે.

## ચિદમ્બરમના રાજીનામાની માંગને લઇ લોકસભામાં ભારે ધાંધલ

નવી દિલ્હી,તા.૨૭

કેન્દ્રિય ગૃહ પ્રધાન પી. ચિદમ્બરમના રાજીનામાની માંગણીને લઇને આજે લોકસભામાં ભારે ધાંધલ ધમાલ થઇ હતી. કાર્યવાહીને મોકુફ કરવાની ફરજ પડી ગઇ હતી. આજે લોકસભાની કામગીરી શરૂ થવાની સાથે જ ધારણા પ્રમાણે ભાજપ સહિતના વિરોધ પક્ષો આક્રમક મુડમાં દેખાયા હતા. ૨જી કૌભાંડના મામલામાં ચિદમ્બરમના પુત્રને સીધો લાભ મળ્યો છે તેવો દાવો ગઇકાલે કરવામાં આવ્યા બાદથી જ ચિદમ્બરમની તકલીફ વધી ગઇ હતી. વિરોધ



પક્ષોએ ચિદમ્બરમની હકાલપટ્ટી કરવાની માંગણી કરી હતી. ટેલીકોમ કંપનીમાં તેમના પુત્ર કાર્તીના મૂડીરોકાણ સામે આક્ષેપો કરાયા બાદ આ ધાંધલ ધમાલ શરૂ થઇ છે. લોકસભા મળતાની સાથે જ ભાજપના સભ્યો વચ્ચોવચ આવી ગયા હતા અને ગૃહમાં ચિદમ્બરમની હકાલપટ્ટીની માંગ કરવા લાગ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિંહાએ કહ્યું હતું કે ચિદમ્બરમ વ્યાપક ભ્રષ્ટાચારમાં શામેલ છે. ગૃહપ્રધાન તરીકે તેમની તાત્કાલીક હકાલપટ્ટી થવી જોઇએ. આક્ષેપો કરવામાં આવ્યા ત્યારે ચિદમ્બરમ ગૃહમાં ઉપસ્થિત રહ્યા ન હતા. જનતા પાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામીએ ગઇકાલે ચિદમ્બરમ સામે આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે વર્ષ ૨૦૦૬માં મલેશિયા સ્થિત મેક્સીસ કંપનીને એરસેલના વેચાણ માટે પરવાનગી આપવામાં ચિદમ્બરમે વિલંબ કર્યો હતો. એ વખતે તેઓ નાણાંમંત્રી હતા. વિલંબ કરવાના કારણે તેમના પુત્ર કાર્તીને સિધો ફાયદો થયો હતો. જનતાદળ યુનાઇટેડના વડા શરદ યાદવ અને તેમના પક્ષના સભ્યોએ ખેડૂતો સાથે સંબંધીત મામલાઓ ઉઠાવ્યા હતા. અલગ તેલંગાના મામલે પણ ચમક્યો હતો.

## પેટ્રોલ પર લીટરદીઠ રૂપિયા છના ટેક્સ કાપની ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા. ૨૭

પેટ્રોલિયમ પેદાશના મામલે પેટ્રોલિયમ મંત્રાલય અને નાણા મંત્રાલય હવે સામ સામે છે. એકબાજુ પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા પેટ્રોલની કિંમતમાં તીવ્ર વધારાને ટાળવા પેટ્રોલ પર લીટરદીઠ રૂપિયા છનો ટેક્સ કાપ મુકવાની માગણી કરવામાં આવી છે. પરંતુ નાણાં મંત્રાલય દ્વારા આ માંગનો વિરોધ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે ફ્યુઅલ પર જુદા જુદા ટેક્સમાં ઘટાડો કરીને ૪૯૦૦૦ કરોડ રૂપિયા સરેન્ડર કરનાર નાણાં મંત્રાલયને આની સામે વાંધો છે. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા આઠ સુધીનો વધારો કરવાની મંજૂરી આપવા અથવા તો ટેક્સમાં કાપ મુકવાની માંગણી ઓઇલ પીએસયુ દ્વારા કરવામાં આવ્યા બાદ પેટ્રોલિયમ મંત્રાલયની તકલીફ વધી છે. એક સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે પેટ્રોલિયમ મંત્રાલય વધારાનાની એક્સાઇઝ ડ્યુટીને દુર કરી લેવામાં આવે તેમ ઇચ્છે છે. જેથી પેટ્રોલની કિંમતને શક્ય તેટલી ઓછી રાખી શકાય. પેટ્રોલ પર હાલ કુલ કેન્દ્રિય લેવી લીટરદીઠ ૧૪.૭૮ રૂપિયા છે. જેમાં એજ્યુકેશન સેસનો સમાવેશ થાય છે. બીજી બાજુ નાણાં મંત્રાલય ડ્યુટીમાં કાપ મુકવા તૈયાર નથી. આનાથી તેની મહેસુલી રકમમાં ઘટાડો થઇ શકે છે અને તેની નાણાંકીય યોજનાને અસર થઇ શકે છે. અધિકારીઓએ કહ્યું છે કે વર્ષ ૨૦૧૧-૧૨માં પેટ્રોલિયમ પેદાશો પર ડ્યુટીમાં કાપ મારફતે નાણાં મંત્રાલયે પહેલાતી ૪૯૦૦૦ કરોડ રૂપિયાની મહેસુલી રકમ ગુમાવી છે.

અર્થશાસ્ત્રીઓનું કહેવુ છે કે માર્કેટની વાસ્તવિકતાથી લોકોને વાકેપ નહી કરવાની બાબત ખરતનાક છે. ઓઇલ મંત્રાલય તરફથી તીવ્ર દબાણના કારણે ઓઇલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં વધારો કરી શકી નથી. હવે કફોડી હાલતનો સામનો કરી રહેલી ઓઇલ કંપનીઓ ઇન્ડિયન ઓઇલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે સરકાર પર દબાણ વધાર્યુ છે. આ કંપનીઓનું કહેવુ છે કે સરકારે ડ્યુટીમાં ઘટાડો કરવો જોઇએ અથવા તો પેટ્રોલની કિંમત વિધીવત રીતે ફરી અંકુશમાં લઇ લેવી જોઇએ. કંપનીઓ હાલમાં સરકાર તરફતી જવાબની રાહ જોઇ રહી છે. જો કોઇ રાહત થશે નહી તો તેની પાસે ખુબ ઓછા વિકલ્પ રહી જશે. કંપનીઓ પેટ્રોલની કિંમતમાં વધારો કરશે. ગયા સપ્તાહમાં જારી કરવામાં આવેલા નિવેદનમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન કહ્યું હતું કે તે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૮.૦૪ રૂપિયાનો વધારો કરવા માંગે છે. કેબિનેટે પેટ્રોલની કિંમતને અકુશમુક્ત કરી દીધી છે અને ઓઇલ કંપનીઓને ભાવમાં વધારો કરવા અથવા તો ઘટાડો કરવા સ્વતંત્રતા આપવામાં આવી છે. પરંતુ આ કંપનીઓ પર અંકુશ ધરાવતા પેટ્રોલિયમ મંત્રાલયે પહેલી ડિસેમ્બર બાદથી ભાવ નહી વધારવા માટે કહ્યું હતુ. આ ગાળામાં ક્રુડ ઓઇલની કિંમતમાં તીવ્ર વધારો કરવામાં આવ્યો હોવા છતાં પેટ્રોલની કિંમતમાં કોઇ વધારો કરવામાં આવ્યો નથી. પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરવામાં આવ્યા બાદથી ઓઇલ કંપનીઓને માર્કેટ કરતા ઓચી કિંમતે વેચાણ બદલ સરકાર તરફથી કોઇ પણ વળતર મળતુ નથી. આઇઓસી, બીપીસીએલ અને એચપીસીએલે છેલ્લે પહેલી ડિસેમ્બરના દિવસે ભાવ વ્યવસ્થામાં ફેરફાર કર્યો હતો. ઓઇલ કંપનીઓને ઉંચી તેલ કિંમતોના કારણે દરરોજ પેટ્રોલ પર ૪૯ કરોડનુ મહેસુલી નુકસાન થઇ રહ્યું છે. એપ્રિલ મહિનામાં ઓઇલ કિંમત બેરલદીઠ ૧૧૯ ડોલર પર પહોંચી ગઇ છે. આયાત કરવામાં આવતા ફ્યુઅલના ખર્ચને ધ્યાનમાં લઇને ભાવ વધારો કરવાની જરૂર છે.

## ધૂમ્રપાનના મામલે શાહરૂખને કોર્ટમાં ઉપસ્થિત થવા આદેશ

જયપુર,તા.૨૭

રાજસ્થાનની એક અદાલતે બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાનને જાહેર સ્થળ પર ધૂમ્રપાન કરવા બદલ કોર્ટમાં હાજર થવા સમન્સ જારી કર્યુ છે. શાહરૂખ ખાનને ૨૬મી મેના દિવસે જયપુરની કોર્ટમાં ઉપસ્થિત થવા માટે સુચના આપવામાં આવી છે. શાહરૂખ ખાને અનેક વખત કહ્યું છે કે તે ધૂમ્રાપન છોડી દેવા ઇચ્છે છે પરંતુ હજુ સુધી તે ધૂમ્રપાન છોડી શક્યો નથી.



શાહરૂખ ખાન પર આરોપ મૂકવામાં આવ્યો છે કે ૮મી એપ્રિલના દિવસે આઇપીએલની એક મેચ દરમિયાન સ્ટેડિયમમાં જાહેર રીતે સિગારેટ પીને શાહરૂખ ખાને કાયદાનો ભંગ કર્યો હતો અને ખોટો દાખલો લોકો સમક્ષ બેસાડ્યો હતો. જયપુરના એક સ્ટેડિયમમાં શાહરૂખ ખાને સિંગારેટ પીવાની મંજૂરી આપવાના મામલામાં પોલીસે ૧૩મી એપ્રિલના દિવસે રાજસ્થાન ક્રિકેટ એસોસીએશન પર દંડ ફટકાર્યો હતો. પોલીસનું કહેવું છે કે દંડની રકમ ખૂબ નાની છે પરંતુ સંદેશો ખૂબ મોટો છે. શાહરૂખ ખાન આઇપીએલમાં રમી રહેલી કોલકાત્તા નાઇટ રાઇડર ટીમના માલિક તરીકે છે. શાહરૂખ ખાનની સામે આ મામલો જયપુરના નિવાસી એ એસ રાઠોડે દાખલ કર્યો છે. રાઠોડના વકીલ નેમીસિંહ રાઠોડે કહ્યું છે કે અમે કહેવા માંગીએ છીએ કે જ્યારે ફિલ્મી કલાકારો કાયદાનો ભંગ કરે છે તો લોકો સમક્ષ ખોટો દાખલો બેસે છે. અરજી કરનારાઓએ આ સંબંધમાં એક સીડી પણ રજૂ કરી છે જેનાથી પુરાવો મળે છે કે શાહરૂખ ખાન સ્ટેડિયમમાં સિગારેટ પી રહ્યો હતો. રાજસ્થાન સરકારે જાહેર સ્થળો પર ધૂમ્રપાન રોકવા માટે વર્ષ ૧૯૯૯માં એક કાયદો રજૂ કર્યો હતો અને આગામી વર્ષે ૧ એપ્રિલ ૨૦૦૨ના દિવસે કાયદો અમલમાં આવ્યો હતો. આ કાયદા હેઠળ જાહેર સ્થળ પર ધૂમપાન મામલે સજાની જોગવાઇ છે.

## સોમવારે શરણાગતિ સ્વીકારી લેવા નુપુરને સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી,તા. ૨૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આરૂષિ હત્યા કેસમાં તલવાર દંપતિને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે ગાઝિયાબાદની સેશન્સ કોર્ટમાં સોમવારે શરણાગતિ સ્વીકારી લેવા નુપુર તલવારને આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે તેમની સામે બિન જામીનપાત્ર ધરપકડ વોરંટ પર સ્ટે મુકવાનો ઇન્કાર કર્યો હતો. સોમવારના દિવસે ટ્રાયલ કોર્ટ સમક્ષ જામીન અરજી કરવા કોર્ટે નુપુરન્ મંજૂરી આપી હતી. એ જ દિવસે આ અંગે નિર્ણય લેવા સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે આગામી શુક્રવારે છઠ્ઠી જાન્યુઆરીના તેના આદેશની સમીક્ષા કરવા નુપુર તલવારની અરજી પર વિચારણા કરશે. આ આદેશમાં સુપ્રીમ કોર્ટે



કેસમાં એક આરોપી તરીકે તેમની સામે સમન્સ જારી કરવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. ક્લોઝર રિપોર્ટ સીબીઆઇ દ્વારા દાખલ કરવામાં આવ્યો હોવા છતાં નુપુર સામે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. ટ્રાયલ કોર્ટે ગયા વર્ષે નવમી ફેબ્રુઆરીના આદેશમાં આરોપી તરીકે દર્શાવ્યા હતા. રાજેશ તલવાર અને નુપુરની સામે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. નુપુરે તેમની અરજીમાં કહ્યું હતું કે તેમની માંગ તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. નુપુર અને તેના પતિ રાજેશ તલવાર હત્યા કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. આરૂષિ તેના નોઇડા નિવાસસ્થાને ૧૫મી મે ૨૦૦૮ના દિવસે મૃત હાલતમાં મળી આવી હતી.

## ‘તાતા ગ્રુપ’ની કંપનીઓમાં મોટા ફેરફારની તૈયારી શરૂ

મુંબઇ,તા.૨૭

ટાટા સન્સના ચેરમેન પદેથી રતન તાતાની વિદાયની સાથે જ ટાટા ગ્રુપની ઘણી કંપનીઓમાં મોટા ફેરફાર થવાની શક્યતા દેખાઇ રહી છે. ઘણી કંપનીઓમાં નેતૃત્વ પરિવર્તન કરવામાં આવે તેવી શક્યતા છે. તાતા સ્ટીલ, તાતા મોટર્સ, ટીસીએસ અને ઇન્ડિયન હોટેલ્સ જેવી ઘણી ફ્રન્ટલાઇન કંપનીઓમાં પણ વર્ષ ૨૦૧૨ના અંત સુધી મોટા ફેરફાર થશે. અનુગ્રામીની પ્રક્રિયા અંગે માહિતી રાખનાર ટોચના લોકોએ કહ્યું છે કે ફેરફાર સાથે સંબંધિત માળખા પર વાતચીત ચાલી રહી છે. આ વ્યવસ્થા વર્તમાન વ્યવસ્થા કરતા અલગ રહેશે. વર્તમાન વ્યવસ્થામાં તાતા મુખ્ય કંપનીઓના નોન એકઝીક્યુટિવ ચેરમેન છે. આના બિલકુલ વિરુદ્ધમાં જે માળખાને લઇને હાલ વાતચીત ચાલી રહી છે તેમાં આ કંપનીઓના નોન એકઝીક્યુટિવ વાઇસ ચેરમેનને



ચેરમેન પદે પ્રમોટ કરવામાં આવશે. જો આ માળખા મુજબ આગળ વધવામાં આવશે તો રવિકાંત (તાતા મોટર્સ), એસ રામદોરાઇ (ટીસીએસ), બી મુથુરમણ (તાતા સ્ટીલ), અને આર કે કૃષ્ણકુમાર (ઇન્ડિયન હોટેલ્સ) જે હાલ વાઇસ ચેરમેન છે તે તમામ રતન તાતાની નિવૃત્તિ બાદ કંપનીઓના ચેરમેન બની જશે. કૃષ્ણકુમાર તાતા ગ્લોબલ બેવરેજના વાઇસ ચેરમેન પણ છે. ઘટના ક્રમ ઉપર નજર રાખી રહેલા અધિકારીઓએ કહ્યું છે કે તાતા ગ્રુપની ફ્લેગશીપ કંપનીઓમાં ટોચના હોદ્દા પર ફેરફાર થશે. આ સમગ્ર પ્રક્રિયા આગામી થોડાક મહિનામાં પૂરી કરવામાં આવશે. ઘણી ગ્રૂપ કંપનીઓના વાર્ષિક અહેવાલ જારી થવાની સાથે જ શેર ધારકો પાસેથી મંજૂરી લેવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ગ્રૂપના એક વરિષ્ઠ અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે ટોચના અધિકારીઓએ રતન તાતાના પૂર્વગામી સ્વર્ગસ્થ જે આર ડી તાતાના મોડલને અપનાવવા વિચારણા હાથ ધરી છે. આ મોડલમાં ફ્લેગશીપ કંપનીઓના પોતાના ચેરમેન હતા.

## પિતૃત્વ કેસમાં ડીએનએ ટેસ્ટ કરાવવા તિવારીને દિલ્હી હાઇકોર્ટનો આદેશ

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હી હાઇકોર્ટે પિતૃત્વ કેસમાં ડીએનએ ટેસ્ટ કરાવવા આજે કોંગ્રેસના વરિષ્ઠ નેતા એનડી તિવારીને આદેશ આપ્યો હતો. આની સાથે જ તિવારીને મોટો ફટકો પડ્યો હતો. કોર્ટે કહ્યું હતુ કે એનડી તિવારીને ચોક્સપણે તેમના



લોહીના નમુના આપવા પડશે. ચુકાદામાં વધુમાં કહેવામાં આવ્યું છે કે જો તિવારી ડીએનએ ટેસ્ટ આપવાનો ઇન્કાર કરશે તો પોલીસની મદદ લેવામાં આવી શકે છે. કોર્ટની ડિવીઝન બેંચે સિંગલ જજના અગાઉના ચુકાદાને ફગાવી દીધો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે તિવારીને આવા કોઇ ટેસ્ટ કરાવવાની ફરજ પાડી શકાય નહી. રોહિત શેખરે પિતૃત્વનો કેસ દાખલ કર્યા બાદ તિવારીની મુશ્કેલી વધી ગઇ છે. રોહિત શેખરે હાઇકોર્ટના આદેશને પડકાર ફેંકીને અપીલ કરી હતી. રોહિતે દાવો કર્યો હતો કે તે કોંગ્રેસના વરિષ્ઠ નેતાનો જૈવિક પુત્ર છે. આ મામલે કોંગ્રેસને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી ચુક્યો છે. તિવારીને પણ અપમાનના તબક્કામાંથી નિકળવાની ફરજ પડી છે. સુપ્રીમ કોર્ટે કઠોર વલણ અપનાવતા હવે તિવારીની મુશ્કેલી વધી ગઇ છે.

## નવા નાણાકીય વર્ષમાં પગાર વધારો માત્ર ૧૦ ટકા

નવી દિલ્હી,તા. ૨૭

નવા નાણાકીય વર્ષમાં જંગી પગાર વધારાની રાહ જોઇ રહેલા કર્મચારીઓ માટે નિરાશાજનક સમાચાર છે. મળેલી માહિતી મુજબ ભારતીય કંપનીઓ નવા ફાઇનાન્સિયલ વર્ષમાં માત્ર ૧૦ ટકા પગાર વધારો આપવાની તૈયારી કરી રહી છે. માંગમા તીવ્ર ઘટાડો અને વૈશ્વિક બજારમાં મંદીના પરિણામ સ્વરૂપે ઉદ્યોગ જગત સાથે સકંળાયેલા કર્મચારીઓને માત્ર ૧૦ ટકાનો પગાર વધારો મળી શકે છે. પશ્ચિમના દેશોમાં આ પગાર વધારો વધુ હોઇ શકે છે. ફિક્સ્ડ પગારથી કામ કરતા કર્મચારીઓ અને ફ્રી લાન્સ તરીકે કામ કરતા કર્મચારીઓના પગારમાં પગાર વધારો જુદો જુદો હોઇ શકે છે. છેલ્લા ૬ વર્ષમાં પગાર વધારો જુદો જુદો રહ્યો છે. નવા નાણાકીય વર્ષમાં પગાર વધારો ગયા વર્ષની સરખામણીમાં ઓછો રહેશે. ગયા વર્ષમાં ૧૨.૬ ટકાનો પગાર વધારો રહ્યો હતો. જ્યારે ૨૦૧૨માં પગાર વધારો ૧૧.૯ ટકાનો રહ્યો હતો. ડબલ આંકડામાં પગાર વધારો આ વર્ષે પણ હશે. પરંતુ ગયા વર્ષની સરખામણીમાં આ પગાર વધારો ઓછો રહેવાની સંભાવના દેખાઇ રહી છે. જો કે કર્મચારીઓ ઉંચી આશા રાખી રહ્યા છે. નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જુદા જુદા પરિબળોને કંપનીઓ કારણરૂપ ગણાવી રહી છે. ઓટો મોબાઇલના ક્ષેત્રમાં પગાર વધારો પ્રમાણમાં આંસિક રહી શકે છે. કારણ કે ગયા વર્ષે વેચાણમાં આશરે ૧૨ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. આ વર્ષે સ્થિતિમાં વધુ સુધારો થવાની સંભાવના દેખાતી નથી. કારણ કે વ્યાજદર હજુ પણ ખૂબ ઉંચો છે. સાથે સાથે ફ્યુઅલની કિમત આસમાને પહોંચી છે. તમામ ઓટો બનાવટી કંપનીઓ આશરે ૧૦થી ૧૧ ટકાનો પગાર વધારો આપી શકે છે. મારૂતિએ ગયા વર્ષે ૧૨ ટકાનો પગાર વધારો આપ્યો હતો. આર એન્ડ ડીના ક્ષેત્રમાં પણ કંપનીઓ પગાર વધારો આ વખતે ઓછો આપશે. ૨૦૧૧માં પગાર વધારો ૧૫ ટકા હતો. જેની સામે આ વખતે ૧૨થી ૧૩ ટકાનો પગાર વધારો હોઇ શકે છે. હેલ્થકેરના ક્ષેત્રમાં પગાર વધારો ઓછો હોઇ શકે છે.

અપોલો હોસ્પિટલે ગયા વર્ષે ૧૫ ટકાનો પગાર વધારો કર્યો હતો. આઇટીમાં પગાર વધારો ૧૨થી ૧૫ ટકાનો હોઇ શકે છે. વિપ્રોએ બુધવારે તેના પરિણામો જાહેર કર્યા હતા. અને જુનથી તેના કર્મચારીઓ માટે ૬થી ૮ ટકાની પગાર વધારાની જાહેરાત કરી હતી. એફએમસીજી અને રિટેલ ક્ષેત્રમાં હાલત કફોડી બનેલી છે. કન્ઝ્યુમરોથી માંગ ઓછી છે. ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે.

### ક્યા વર્ષે કેટલો વધારો

| વર્ષ | પગાર વધારો સરેરાશ |
|---|---|
| ૨૦૧૨ | ૧૧.૯ ટકા |
| ૨૦૧૧ | ૧૨.૬ ટકા |
| ૨૦૧૦ | ૧૧.૭ ટકા |
| ૨૦૦૯ | ૬.૩ ટકા |
| ૨૦૦૮ | ૧૩ ટકા |
| ૨૦૦૭ | ૧૫ ટકા |